
# નિર્માતા

નિર્માતા એવી વ્યક્તિ છે જે નાણાંની વ્યવસ્થા કરવા માટે તેમજ ફિલ્મ અથવા ટીવી સિરિયલની કામગીરી સુચારૂ રીતે સંચાલિત થાય તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. નિર્માતાએ ફિલ્મ/સિરિયલના પ્રી-પ્રોડક્શનથી લઈને લોન્ચ સુધીના તમામ વહીવટી, નાણાંકીય તેમજ સર્જનાત્મક પાસાઓની દેખરેખ રાખવાની હોય છે. તે/તેણી પ્રોડક્શન કંપનીઓને પોતાની ફિલ્મના વિષયવસ્તુ અંગે જણાવવા, સમજાવવા માટે પણ જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો ઉપર કાળજીપૂર્વક ધ્યાન આપો છો
- તમે પ્રત્યાયન અને નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો.
- તમને ફિલ્મ કેવી રીતે બને છે તેનું જ્ઞાન છે
- તમે નાણાંકીય બાબતોને સમજવામાં સક્ષમ છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૧,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ફિલ્મ નિર્માણમાં સ્નાતક (BA) / બેચલર ઈન ફાઈન આર્ટ્સ (BFA) અથવા

બેચલર ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA)ની ડિગ્રી મેળવો. **અથવા**

ફિલ્મ નિર્માણમાં સ્નાતક (BA)/બેચલર ઈન ફાઈન આર્ટ્સ (BFA) **અથવા**

બેચલર ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, ફાઈનાન્સમાં એમ.બી.એ. કરો. **અથવા**

ફિલ્મ નિર્માણમાં સ્નાતક (BA)/બેચલર ઈન ફાઈન આર્ટ્સ (BFA) **અથવા**

બેચલર ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, ફિલ્મ નિર્માણમાં ડિપ્લોમાનો વિકલ્પ પસંદ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

નિર્માતાનું અંદાજીત માસિક વેતન **રૂ. ૪૫,૦૦૦** થી **૫૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : bit.ly/3lOOeph

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** નિર્માતા તરીકે, તમને પ્રોડક્શન હાઉસ અને શૈક્ષણિક સંસ્થાઓમાં નોકરી મળી શકે છે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ નથી; સ્થાનિક મુસાફરી એ તમારી ભૂમિકાનો એક ભાગ છે. કામના કલાકો લવચીક છે. નિર્માતા તરીકે, તમારે ટીમનું સંચાલન કરવાની જરૂર રહે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક નિર્માતા → કાર્યકારી નિર્માતા → નિર્માતા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિજિટલ એડવર્ટાઈઝિંગ ઓપરેશન્સ કોઓર્ડિનેટર, એડ ટ્રાફિકર, એડ કેમ્પેઈન મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ફિલ્મ મેકિંગ/બી.બી.એ. વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા, પુણે (પી.જી. ડિપ્લોમા)
૨. સત્યજીત રે ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થા, કોલકાતા
૩. બિજુ પટનાયક ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ, કટક
૪. ડો ભૂપેન હજારિકા રીજીયનલ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યુટ, ચાંગસારી
૫. આઈ.આઈ.એમ. અમદાવાદ (ફાઇનાન્સના અભ્યાસ માટે)
૬. મુંબઈ યુનિવર્સિટી
૭. તિલક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, પુણે
૮. એમ.એસ.યુ., વડોદરા
૯. આઈ.જી.એન.ટી.યુ., અમરકંટક - ઈન્દિરા ગાંધી નેશનલ ટ્રાઈબલ યુનિવર્સિટી (સ્ટેજક્રાફ્ટમાં બી. વોક. અભ્યાસક્રમ)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. માઈકા (એમ.આઈ.સી.એ.), અમદાવાદ
૨. અન્નપૂર્ણા ઈન્ટરનેશનલ સ્કૂલ ઓફ ફિલ્મ એન્ડ મીડિયા - (ફિલ્મ નિર્માણમાં બી.એફ.એ.)
૩. વ્હિસલિંગ વુડ્સ ઈન્ટરનેશનલ, મુંબઈ
૪. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, દિલ્હી
૫. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૬. ટેક્નો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા (ડીજીટલ ફિલ્મ નિર્માણ અને વી.એફ.એક્સમાં બી.એફ.એ.)
૭. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૮. સીમેડુ ઈન્સ્ટિટ્યુટ
૯. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુનઝુનુ
૧૦. એમિટી યુનિવર્સિટી, મુંબઈ (ફિલ્મ નિર્માણમાં બી.એ.)

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**એકતા કપૂર:** એકતા કપૂરને ભારતના ટેલિવિઝન ફલકને નવું જ રૂપ આપવાનો શ્રેય આપવામાં આવે છે. તેણીએ ટેલિવિઝન સામગ્રીની એક નવતર શૈલીની પહેલ કરી, જેણે ભારતના સેટેલાઇટ ટેલિવિઝનમાં નવા યુગની શરૂઆત કરી. બાલાજીના શો મોટા ભાગના મનોરંજન પ્રસારણકર્તાઓ માટે ચેનલનું ઈંજન બની રહ્યા છે અને આગળ પણ બનતા રહેશે. તેમના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ, બાલાજીએ મહત્ત્વના લગભગ દરેક ટી.વી. એવોર્ડ જીત્યા છે. બોમ્બે સ્કોટિશ સ્કૂલ અને મીઠીબાઈ કૉલેજ તેના અલ્મા મેટર છે. એકતા કપૂરના મોટાભાગના શો અને ફિલ્મો જીવનમાં ઉતાર-ચઢાવમાંથી પસાર થતી સ્ત્રીઓ પર કેન્દ્રિત છે.*

સ્ત્રોત : https://www.imdb.com/name/nm0438471/bio?ref_=nm_ov_bio_sm

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.